॥ શ્રી હરિઃ ॥


# આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગિય વૈષ્ણવ પરિષદ


દ્વારા સંચાલિત

## શ્રી વલ્લભકૃપા કીર્તન મંડળ

પ્રસ્તુત કરે છે

## મનભાવન ત્યોહાર મનાવો ગિરીધરજીકે સંગ







કીર્તનકાર


**શ્રી જમનાપ્રસાદજી શર્મા**

ફોન : ૬૬૯૯ ૯૩૫૦

અર્થાનુવાદ

**શ્રીમતી કલ્પનાબેન પી. શાહ**

ફોન : ૨૪૯૨ ૭૪૫૫





## દશેરાથી સાંજી સુધીના પદો

૧૫/ઇ, હલાઈ લોહાણા નિવાસ, શંકરબારી લેન, ચીરા બજાર, મુંબઈ - ૪૦૦ ૦૦૨. ફોન : ૨૨૦૭૬૦૯૮

Scanned by CamScanner

॥ श्री हरि ॥

श्री कृष्णः शरणम् मम ।

पुष्टिमार्गीय सर्वज्ञ करुणारस पुरित : ।

श्रेष्ठ फल प्रदाताच तस्मै श्री गुरुवे नमः ॥

## અનુક્રમણિકા

### મનભાવન ત્યૌહાર મનાવો ગિરિધરજુકે સંગ..."


| | | | |
|---|---|---|---|
| ૧ | દશેરા : | ૧ | આજ દશહરા શુભ દિન નીકૌ... |
| | | ૨ | આલિરી તેરી લટકનમેં અટક્યો... |
| ૨ | હટરી : | ૩ | સુરભિ કાન જગાય ખરિક બલ મોહન બૈઠે રાજત હટરી... |
| ૩ | ધનતેરશ : | ૪ | આજ માઈ ધન ધોવત નંદરાની... |
| | | ૫ | પ્યારી અપનો ધન જો સંભારે... |
| ૪ | રૂપચતુર્દશી : | ૬ | ન્હવાવત સુતકો નંદરાની... |
| ૫ | દીવાળી : | ૭ | આજ દિવાળી મંગલચાર... |
| | | ૮ | બડો પરવ ત્યોહાર દીવારી... |
| ૬ | દીપમાલિકા: | ૯ | દેખો ઈન દીપનકી સુંદરાઈ... |
| | | ૧૦ | આજ અમાવસ દીપમાલિકા... |
| ૭ | પાસાખેલ : | ૧૧ | અદ્‌ભુત એક અનુપમ નાર... |
| ૮ | ગોવર્ધનલીલા : | ૧૨ | સાત વરસકો સાંવરો... |
| ૯ | ગોવર્ધનપૂજા : | ૧૩ | બડરેન કો આગે દે મોહન... |
| ૧૦ | અન્નકુટ : | ૧૪ | દેખરી હરી ભોજન ખાત... |
| | | ૧૫ | આન ઔર આન ઔર... |
| ૧૧ | ઈન્દ્રમાનભંગ : | ૧૬ | નમો દેવેન્દ્ર દર્પહર શ્રીમુરારી... |


Scanned by CamScanner

| | | | |
|---|---|---|---|
| | | ૧૭ | કાન કુંવર કે કર પલ્લવ પર... |
| ૧૨ | આરતી : | ૧૮ | જય જય જય લાલ ગોવર્ધનધારી... |
| ૧૩ | ભાઈદુજ : | ૧૯ | આજ દુજ ભૈયાકી કહિયત... |
| | | ૨૦ | કારતિક સુદી દ્વિતીયા કે દિન... |
| ૧૪ | ગોપાષ્ટમી : | ૨૧ | વ્રજતે બનકો ચલત કનૈયા... |
| | | ૨૨ | આગે ગાય પાછે ગાય... |
| ૧૫ | દાનનું પદ : | ૨૩ | આજ દધિ કંચન મોલ ભઈ... |
| ૧૬ | સાંઝીનું પદ : | ૨૪ | મુરલીવાલે સાંવરે નેક મારગ મોહિ બતાવરે... |
| ૧૭ | આશ્રયનું પદ : | ૨૫ | જબલગ યમુના ગાય ગોવર્ધન... |

પ્રભુ શ્રી શ્યામસુંદરની અસીમ કૃપાથી આંતરરાષ્ટ્રીય પુષ્ટિમાર્ગિય વૈષ્ણવપરિષદ દ્વારા સંચાલિત શ્રીવલ્લભ કૃપા કીર્તન મંડળ દ્વારા, શ્રીઠાકોરજીની નીત્યયામ સેવામાં ગવાતાં ઋતુકાલીન કીર્તનોપર આધારીત, ષડ્તઋતુઓની કીર્તનમાલાની સી.ડી, એમ.પી.૩ તથા પુસ્તિકા અને કીર્તન પ્રશિક્ષણના પંચવર્ષિય અભ્યાસક્રમની સી.ડી, એમ.પી.૩ તથા પુસ્તિકા - પ્રગટ કર્યાબાદ દશેરાથી ગોપાષ્ટમી સુધીના પદો તથા દાનના તેમજ સાંઝીના પદો ની સીડી તેમજ એમ.પી.૩ તથા પુસ્તિકા પ્રગટ કરતા અત્યધિક આનંદ અનુભવે છે.

ઉત્સવના પદોની આ સીડી તથા પુસ્તિકા "મનભાવન ત્યૌહાર મનાવો ગિરિધરજુકે સંગ..." માં તે દિવસના માહાત્મ્ય અનુસાર, પ્રચલિત કીર્તનો નો સમાવેશ કરવામાં આવ્યો છે. આશા છે, કીર્તનગાનરસિક વૈષ્ણવો સેવા સમયે, આ કીર્તન દ્વારા શ્રીઠાકોરજીને લાડ લડાવી શકશે.

Scanned by CamScanner

આસો સુદ એકમથી નોમ સુધીની નવરાત્રિઓ-નવવિલાસ કહેવાય છે. આ નવરાત્રિઓ દરમ્યાન સ્વામિનિજી સહિત ગોપાંગનાઓએ પ્રભુ પ્રાપ્તિ માટે કરેલું વ્રત એટલે જ નવવિલાસ. નવરાત્રિઓ પછીનો દસમો દિવસ એટલે દશેરા. મર્યાદામાર્ગ પ્રમાણે શ્રીરામચંદ્રજીએ રાવણ ઉપર મેળવેલો વિજય. પરંતુ પુષ્ટિમાર્ગમાં પ્રભુની પ્રીતિ માટે પ્રાપ્તિ માટે નવધા ભક્તો દ્વારા કરવામાં આવતું આરાધન. દશેરાના દિવસે આ નવધા તથા દસમા નિર્ગુણ ભકતોની ભાવનાથી પ્રભુને તિલક કરી જ્વારા ધરાવવામાં આવે છે. શ્રી ઠાકોરજી પણ શ્રીસ્વામિનિજીના ચરણચિન્હ જવનું સ્નેહાંકુર રૂપ જ્વારા મસ્તક ઉપર ધારણ કરે છે.

પુષ્ટિમાર્ગીય વૈષ્ણવો માટે દશેરાનો તહેવાર આ રીતે મહત્વનો છે. તો ચાલો મંગલાચરણ રૂપ દશેરાના આપદ થી શુંભારંભ કરીએ.

## ૧. દશેરા : ૧) આજ દશહરા શુભ દિન નીકો...

નંદાલયમાં માતા યશોદા દશેરાનું પર્વ ખૂબ આનંદ-ઉલ્લાસથી મનાવી રહયાં છે. આજના શુભ પર્વ માતા, લાલાને શ્વેતવસ્ત્રો અને લાલપાઘમાં સજ્જ કરી જ્વારા ધરાવે છે. આ જ્વારા માતા યશોદાના પણ સ્નેહાંકુરો જ ગણાય ને? આસપાસ વ્રજબાળકોની મંડળી જામી છે. મૈયા પ્રેમથી લાલાની આરતી ઊતારી રહયાં છે. ભક્તકવિ શ્રી આસકરણજીની બાનીમાંથી પ્રગટેલા, દશેરાના આ પદનું રસપાન કરીએ.



Scanned by CamScanner

राग : ब्रिन्दाबनी सारंग,        ताल : धमार

## आज दशहरा शुभ दिन नीकौ...

आज दशहरा शुभ दिन नीकौ ।।

गिरिधरलाल जवारे बाँधत बन्यौ है भाल कुंकुमकौ टीकौ ।।१।।

आरती करत देत नौछावर चिरजीयौ लाल भामतौ जीकौ ।।

आसकरण प्रभु मोहन नागर त्रिभुवनकौ सुख लागत फीकौ ।।२।।

## ૧. દશેરા : ૨) આલીરી તેરી લટકનમેં અટક્યો...

રસિક પ્રીતમ શ્રીહરિરાયજીની બાનીમાંથી પ્રગટેલું, દશહરા માનનું આ અતિ સુંદર પદ છે. દશેરાના આ રસભર પર્વને દિવસે સ્વામિનિજી માનમાં બિરાજ્યા છે. દૂતિ ઠપકાના સૂરમાં કહી રહી છે કે, હે સખિ, તારા આ કેશકલાપની ઘુંઘરાળી લટોમાં અટવાયેલું અને તારી રૂપમાધુરીથી ઠગાયેલું પ્રભુનું મન, અન્ય કોઈમાં લાગતું નથી. વળી વિધુ એટલે ચન્દ્રનો રથ પણ અટકી ગયો છે. તો શું તારું માન કરવું યોગ્ય છે? રસિકપ્રીતમ વર્ણવે છે કે દૂતીના વચનો સાંભળતાંજ, સ્વામિનિજી માન ત્યજીને પ્રિયતમ પ્રભુને પ્રાપ્ત કરી લે છે.

राग : ब्रिन्दाबनी सारंग,     ताल : धमार

## आलीरी तेरी लटकनमें...



Scanned by CamScanner

आलीरी तेरी लटकनमें अटक्यौ पीयकौ मन नैंकु न इत उत अटक्यौ ।।
देख रुप ठगी तबतें मन अनत न गोंहन हटक्यौ ।।१।।
एते पर तू मान करत है क्यों हु न मानत बिधु रथ उत अटक्यौ ।।
रसिक प्रीतम प्रीय दूतीके बचन सुनि मान तुरत ही सटक्यौ ।।२।।

## ૨. હટરી : ૩) સુરભી કાન જગાય ખરિક બલ મોહન બૈઠે રાજત હટરી...

હટરી એટલે હાટ કે દુકાન, નંદાલયની ભાવનાથી પુષ્ટિમંદિરમાં સુંદર સજાવટ કરી, હટરીની રચના કરવામાં આવે છે. હટરી, સોનાની ચાંદીની કે બીજા કોઈપણ પ્રકારની હોઈ શકે છે. સોનાના ત્રાજવા અને ચાંદીના કાટલાથી, પ્રભુ સ્વયં, વ્રજભકતોને જોખીને વસ્તુઓ આપે છે વ્રજભકતો, અન્નકુટ ઉત્સવ નિમિત્તે આ બધી વસ્તુઓ ખરીદે છે. પ્રભુ આ રીતે વ્રજભકતોના મનોરથોને પૂર્ણ કરે છે. નંદાલયની આ ભાવનાથી, હટરીની રચના કરવામાં આવે છે.

આ પદમાં પણ હટરીમાં બિરાજેલા પ્રભુ, સહુનુ નામ લઈ બોલાવી રહ્યા છે. અને પિસ્તા, દ્રાક્ષ, બદામ વગેરે વિવિધ વસ્તુઓની વહેંચણી કરી રહ્યા છે. ગોપિઓ મન મૂકીને કનૈયા પર આશિષ વરસાવી રહી છે. માતા યશોદાનું હૃદય આનંદથી હરખાઈ રહ્યું છે.



Scanned by CamScanner

राग : आभोगी कान्हरा, ताल : धमार

## सुरभी कान जगाय खरिक बल मोहन बैठे राजत हटरी...

सुरभी कान जगाय खरिक बल मोहन बैठे राजत हटरी।।
पिस्ता दाख बदाम छुआरे खुरमा खाजा गूंजा मठरी ।।१।।
घरघरतें नरनारि मुदित मन गोपी ग्वाल जुरे बहु ठटरी ।।
टेरटेर ले देत सबनकों ले ले नाम बुलाय निकटरी ।।२।।
देत असीस सकल गोपीजन यशोमति देत हरख बहुपटरी ।।
सूर रसिक गिरिधर चिरजीवो नंदमहरको नागर नटरी ।।३।।

## ૩.ધનતેરશ : ૪) આજ માઈ ઘન ધોવત નંદરાની...

વેદ પુરાણોમાં દર્શાવ્યા પ્રમાણે, ધનની વૃધ્ધિ માટે, સંપત્તિની સ્થિરતા અને સમૃધ્ધિ માટે, ધનતેરસના દિવસે લક્ષ્મીદેવીનું વિધિવત્ પૂજન કરવામાં આવે છે. શ્રી યશોદાજી અને નંદરાયજીનું ધન તો એમની ગૈયાઓ અને એમના પ્રાણપ્રિય લાલન છે. આથી નંદબાબા ગાયોનું ને લાલનનું પૂજન કરે છે. તો સ્વામિનિજી તથા ગોપિકાઓનું ધન તો એમના પ્રાણેશ્વર પ્રભુ શ્રી શ્યામસુંદર છે. આમ ધનતેરસના દિવસે બધા સ્વયંના ધનની પૂજા કરી ધન્યતા અનુભવે છે.

આ પદમાં પરંપરા પ્રમાણે માતા યશોદાજી પણ સોળે શણગારથી સજ્જ થઈને,



Scanned by CamScanner

ધનનું પૂજન કરી રહ્યાં છે, અને નિધિરૂપ લાલાનું મુખ નિરખી હરખાઈ રહ્યાં છે. ભક્તકવિ શ્રી કુંભનદાસજીની આ રચના છે.

राग : देवगंधार, लाल : आडाचौताल

### आज माई धन धोवत नंदरानी...

आज माई धन धोवत नंदरानी ।।

कार्तिक वदि तेरस दिन उत्तम गावत मधुरी बानी ।।१।।

नवसत साज सिंगार अनूपम करत आप मन मानी ।।

कुंभनदास लालगिरिधर कों देखत हियो सिरानी ।।२।।

### ૩. ધનતેરશ : ૫) પ્યારી અબનો ધન જો સંભારે...

ધનતેરશનું જ આ એક બીજું પદ છે. નંદાલયમાં મા યશોદા ધનનું પૂજન કરી રહ્યાં છે. તો પ્યારીજી પણ શ્યામસુંદર રૂપી પોતાના ધનનું મનોમન સ્મરણ કરી રહ્યાં છે અને પ્રભુની મોહિની મુરત રૂપી અમૂલ્ય ખજાનાને ધારણ કરી રહ્યાં છે. એકબાજુ સોળે શણગારથી સજ્જ યશોદાજી તો બીજીબાજુ નવસત શીંગારથી શોભતાં સ્વામિનિજી, અદકીમાં દિવાળીનું શુભ પર્વ. આવાદર્શન રૂપી નિધિ પ્રાપ્ત કરીને શ્રીદ્વારકેશજીનું મન મુગ્ધ બને એમાં શું નવાઈ?



Scanned by CamScanner

राग : बिभास ताल : तीनताल

## प्यारी अपनो धन जो संभारे...

प्यारी अपनो धन जो संभारे ।।

बारंबार देख नयननसों लेजु हृदयमें धारे ।।१।।

रुचिसों सरस संभारत पियकों आभुषण बहु सोहे ।।

आगम निररव दिवारीको मन द्वारकेशको मोहे ।।२।।

## ४. રૂપચતુર્દશી : ६) न्हवावत सुतकों नंदरानी...

આસો વદ ચૌદસ એટલે રૂપચતુર્દશી, આજના દિવસે શ્રીઠાકોરજીને અભ્યંગ સ્નાન કરાવી, લાલ રંગના જરીના ભારી વસ્ત્રો તથા હીરાના આભુષણ ધરાવવામાં આવે છે.

પુષ્ટિમાર્ગમાં - પ્રત્યેક તહેવારની પાછળ - પ્રભુના સુખનોજ ભાવ પ્રધાન હોય છે. જેમાં વ્રજભકતોની સૂક્ષ્મ ભાવના ગૂંથાયેલી હોય છે. રૂપચતુદર્શીએ પ્રભુને કરાવવામાં આવતા અભ્યંગ સ્નાનમાં ફૂલેલ-ઉબટન વગેરે દ્રવ્યનો ઉપયોગ કરવામાં આવે છે. આમાં સ્નિગ્ધ ફૂલેલ સંયોગના ભાવનું અને રૂક્ષ ઉબટન વિયોગના ભાવનું પ્રતીક છે. ઉષ્ણજલ એ સ્મરશ્રમનું નિવારક મનાય છે. લાલ રંગ અનુરાગનો છે. નંદાલયમાં માતા યશોદા પણ લાલાને અભ્યંગ સ્નાન કરાવી, લાલ જરિયન વસ્ત્રો



Scanned by CamScanner

તથા આભુષણ ધારણ કરાવે છે.

राग : आहिरभैरव        ताल : झपताल

## न्हवावत सुतकों नंदरानी...

न्हवावत सुतकों नंदरानी ।।
मानत पर्व रुपचौदसको तिलक उवटनो कर हरखानी ।।१।।
वस्त्र लालजरी आभुषण पहरावत रुचिसों मनमानी ।।
मेवा ले चले गाय सिंगारन व्रजजन देखदेख विहंसानी ।।२।।

## ५. દીવાળી : ૭) આજ દિવાળી મંગલચાર...

દીવાળી એટલે નૂતનવર્ષના આગમનના એંધાણ સમો, આનંદ ઉલ્હાસથી ભર્યો વર્ષનો અંતિમ દિવસ. માતા યશોદા દીવાળીના આ મંગલ પર્વની તૈયારી કરી રહ્યાં છે. વ્રજની ગોપિઓ મંગલગાન કરી રહી છે. અને ઘર આંગણને સજાવી રહી છે. માતા એ બાળ કનૈયાને નૂતન વસ્ત્રો અને શણગારથી સજ્જ કર્યા છે. સાથે મેવા-મીઠાઈથી સુવર્ણના થાળ ભરી દીધા છે.

આસોવદ અમાવાસ્યાએ ઉજવાતા પર્વનું આ સુંદર કીર્તન છે. ભકતકવિશ્રી પરમાનંદદાસજીની બાની માંથી પ્રગટ થયું છે.



Scanned by CamScanner

राग : अल्हैया बिलावल, ताल : धमार

## आज दिवारी मंगल चार...

आज दिवारी मंगल चार ।।

व्रजयुवति मिल मंगल गावत चोक पुरावत आंगन द्वार ।।१।।

मधु मेवा पकवान मिठाई भरि भरिलीने कंचन थार ।।

परमानंददासको ठाकुर पहेरे आभूषण सिंगार ।।२।।

## ૫. દીવાળી : ૮) બડો પરવ ત્યોહાર દીવારી...

શ્રીવિઠ્ઠલગિરિધરનલાલની છાપથી રચાયેલું દીવાળીનું આ અતિ સુંદર પદ છે. ચારેકોર દીપમાલાઓ પ્રગટી રહી છે. સુવર્ણના થાળ સજાવી વ્રજવનિતાઓ નંદરાયના ભવનમાં આવી છે. માતાએ પણ વિવિધ શૃંગાર-તિલક વગેરેથી બેઉ બાળકોને સજાવ્યા છે. રામ-શ્યામના દર્શનથી રોમાંચિત, ગોપિઓ મંગલગાન કરી રહી છે. તેમાં એ શ્રી ગિરિધરલાલના અંગ-સંગની પ્રાપ્તિથી એ આનંદ દ્વિગુણિત બની છલકાઈ રહ્યો છે.

राग : आसावरी, ताल : धमार

## बडाँ पर्व त्यौहार दिवारी...



Scanned by CamScanner

बडो पर्व त्यौहार दिवारी ।।

विविध शृगांर कियो लरिकन को रोरी तिलक सोहत अती भारी ।।१।।

कंचन थाल साज ब्रज बनीता नंदराय घर आयी ।।

पुलके दिप समीप सोंज भर गावत गीत सुहाई ।।२।।

श्रीविट्ठल गिरिधरन लाल छबि संग-अंग अधिकाई ।।

यह शोभा कछु कहीन परत है देखत रही मुसकाई ।।३।।

## ૬. દીપમાલિકા : ૯) દેખો ઈન દીપનકી સુંદરાઈ...

દીપમાલિકાનું વર્ણન કરતું એક અદ્‌ભુત પદ છે. એનો શબ્દોશબ્દ કાવ્યત્વથી ભરપુર છે. ભકતકવિ શ્રીકુંભનદાસજીની આ રચના છે. ‘‘देखो इन दीपनकी सुंदराई...’’ - આ પદ દ્વારા પ્રજ્વલિત દીપકોથી ઝળહળતા નંદરાયજીના આવાસનું ગોકુળના ઘર ઘરમાં વ્યાપેલા આનંદનું અને ધેનુ ખેલાવતા પ્રભુનું ચિત્ર માનસપટ ઉપર પ્રગટ થઈ જાય છે. આ આખાએ પ્રસંગને કાવ્યાત્મક ઓપ મળે છે. ચમકતા તારલાઓની ઉપમા દ્વારા આવો આ અદ્‌ભુત પદને મન ભરીને માણીએ.

राग : कान्हरा, ताल : घमार

### देखो इन दीपनकी सुंदराई...

देखो इन दीपनकी सुंदराई ।।



Scanned by CamScanner

देखो इन दीपनकी सुंदराई ।।

जानो धनमें विधु मंडल राजत तमनिश परम सुहाई ।।१।।

नंदराय अगणित पांती रची अद्‌भुत युक्ति बनाई ।।

विविध सुंगंध कपुर आदि दे धृत परिपूरण ताई ।।२।।

घर घर मंगल होत सबनके उर आनंद न समाई ।।

कुंभनदास प्रभु धेनु खिलावत गिरिधर सब सुखदाई ।।३।।

**૬. દીપમાલિકા : ૧૦) આજ અમાવસ દીપમાલિકા...**

દીપમાલિકાનું આ બીજું પદ છે. દીવાળીની રાત એટલે અમાસની અંધારી રાતને, દીપમાલિકાઓના ઉજાસથી પ્રકાશિત કરવાની વાત, ઘરે ઘરે દીવડાઓ પ્રગટે છે. અને આ દીવડાઓથી ઘર આંગણાને પ્રકાશિત કરતા લોકો, ઉજ્જવલ નૂતનવર્ષની અભિલાષા કરે છે. આ પદમાં માતા યશોદાજી પણ, આજ વાત પોતાના કાન્હ કુંવરને કહી રહ્યા છે, કે આપણા ગોધનને શણગારી દીપમાલિકાથી ઘરને સજાવી દો, કારણકે આજે તો દીવાળીનું પર્વ છે. માતૃહૃદયના ભાવને પ્રગટ કરતું ભક્તકવિશ્રી પરમાનંદદાસજીની બાનીમાંથી પ્રહટેલું આ પદ છે. એનો આનંદ લઈએ.

राग : कान्हरा,        ताल : घमार

**आज अमावस दीपमालिका बडी पर्वणी हे गोपाल...**



Scanned by CamScanner

आज अमावस दीपमालिका बडी पर्वणी है गोपाल ।।
घर घर गोपी मंगलगावे सुरभी वृषभ सिंगारो लाल ।।१।।
कहत यशोदा सुनो मनमोहन अपने तातकी आज्ञालेहु ।।
बारो दीपक बहुत लाडिले कर उजियारो अपने गेह ।।२।।
हँस व्रजनाथ कहत मातासों धौरी धेनु सिंगारो जाय ।।
परमानंददासको ठाकुर जाय भावतहें निशदिन गाय ।।३।।

**૭. પાસાખેલ : ૧૧) અદ્‌ભુત એક અનુપમ નાર...**

દીપાવળીની રાત્રે વ્રજમંડળમાં પાસાખેલ એટલે ચોપટ અને ચોપટનો અદ્‌ભુત ખેલ રચાતો હશે. પારંપારિક પ્રથા પ્રમાણે આપણા પુષ્ટિમંદિરમાં આજે પણ દીપાવલીની રાત્રીએ પાસાખેલની ભાવાત્મક સજાવટ કરવામાં આવે છે. એકબાજુ ગોપસખાઓ સાથે શ્રીશ્યામસુંદર અને સામેપક્ષે સખીઓ સાથે શ્રીશ્યામાપ્યારી બિરાજે છે. ચોપટનું આ એક અદ્‌ભુત પદ છે. જે કોયડાના રૂપમાં રજુ થયું છે. ચોપટની એક નારી તરીકે તુલના કરવામાં આવી છે. બિછાવેલી ચોપટ એ એક અદ્‌ભુત નારી છે. આ નારીના નૈન-બૈન ચાર વખત ચોવીસ એટલે કે ૯૬ છે. કારણકે ચોપાટમાં ૯૬ ખાનાઓ હોય છે. સગુણ-નિગુર્ણ ભક્તો, સત-ચિત્-આનંદ વગેરે તત્વો મળીને ૧૬ થાય છે. ચોપાટની ૧૬ ગોટીઓ એ એના ચરણ છે. ચોપાટમાં આવતો લાલ-લીલો-



Scanned by CamScanner

શ્યામ-શ્વેત રંગ એ જાણે આ સ્ત્રીનો વર્ણ છે.

આમ અદ્ભુત ખેલ વ્રજમંડળમાં રચાયો છે. ચાલો આપણે પણ માનસીમાં એના દર્શન કરીએ. શ્રી દ્વારકેશજીની આ રચના છે.

राग : कान्हरा ताल : धमार

## अदूभुत एक अनूपम नार...

अदूभुत एक अनूपम नार ।।

नेन बेन चोवीस चोगुने सोरह चरन वरन हें चार ।।१।।

चतुराननसों प्रीत तीनपति ताके इक्कीस दूने नेन ।।

श्याम सेत आरक्त हरित पद चलत तबे बोलत है बेन ।।२।।

सात्विक राजस तामस निर्गुण एक युग्म दरसनकों आवत ।।

मगनमये सायुज मुक्तिफल त्रिविध रूप देखत सचुपावत ।।३।।

यहबिध खेल रच्यो ब्रजमंडल दीप दिवारी प्रगट दिखाई ।।

तुर्य रूपके यूथ बिराजत छबिपर द्वारकेश बलिहारी ।।४।।

**૮. ગોવર્ધનલીલા : ૧૨) સાત વરસકો સાંવરો...**

પ્રભુ વિરૂધ્ધ ધર્માશ્રયી છે. કર્તુમ-અકર્તુમ-અન્યથાકર્તુમ છે. એની પ્રતીતિ



Scanned by CamScanner

ગોવર્ધનલીલા-ગોવર્ધનપુજાના પદો દ્વારા થાય છે. આ પદ પણ એનું જ સમર્થન કરે છે. પદના પ્રારંભમાં જ ભક્તકવિ વર્ણવે છે કે "सात वरसको सांवरो बोलत है तुतरात..." જેની બાળસુલભ કાલીઘેલી વાણી સહુના મનને મોહિત કરે છે. પરંતુ એની વાતો કોઈ મહાજ્ઞાની. અનુભવી વયોવૃધ્ધ જેવી લાગે છે. સ્પષ્ટ આજ્ઞાના સૂરમાંજ એ જણાવે છે કે "इन्द्र न पुजा कीजीये, पूजे गिरितात..." એટલું જ નહીં, સમગ્ર વ્રજજનોને, સાત વરસનો એ સાંવરો બાંહેધરી આપે છે કે સમગ્ર વ્રજવાસીઓની હાજરીમાં એ ગિરિદેવ ભોજન પણ કરશે. આવી લીલા એ લીલાધારી સિવાય બીજું કોણ કરી શકે. આવો ભક્તકવિ શ્રી સુરદાસજીના પદને માણિયે.

राग : बिलावल, ताल : घमार

## सात वरसको सांवरो बोलत तुतरात...

सात वरसको सांवरो बोलत तुतरात ।।

हँसहँस कान्ह कहें सुनो मेरी एक बात ।।१।।

इंद्र न पूजा कीजीये पूजो गिरितात ।।

तुम देखत भोजन करे पकवान अरुभात ।।२।।

यह मतो निरधारकें गोप गृहकों जात ।।

मृदुबानी गिरिधरनकी सुन सूर सिहात ।।३।।



Scanned by CamScanner

## ૯. ગોવર્ધનપૂજા : ૧૩) બડરેન કો આગે દે મોહન....

શ્રીગોવર્ધન પૂજનની વિધિનું તાદશ વર્ણન કરતું આ પદ છે. ભક્ત શિરોમણી શ્રીચત્રભુજદાસજીને આ આખાય પ્રસંગની પ્રત્યક્ષ ઝાંખી થઈ રહી છે. આપશ્રી વર્ણવે છે કે વડીલોને અગ્રેસર રાખીને, પ્રભુ શ્યામસુંદર પૂજન માટે પધારી રહ્યા છે. પ્રથમ માનસીગંગા અને ત્યારબાદ ધોળી ગાયના દૂધથી ગિરિરાજજીને અભિષેક કરાવી, અરગજાના લેપથી અર્ચન કરી રહ્યા છે. ધૂપ-દીપ સહિત પ્રભુએ શ્રીગિરિરાજજીને ભોગ ધરાવ્યો છે. વ્રજવનિતાઓ મંગલગાન કરી રહી છે. ગિરિરાજજીને પાનબીરી આરોગાવી પ્રભુ આરતી ઓવારી રહ્યા છે.

આ પદ દ્વારા શ્રીગિરિરાજજીના પૂજનનું અદ્‌ભુત શબ્દચિત્ર ખડું થઈ જાય છે. તો વૈષ્ણવો આપણે પણ માનસીમાં શ્રી ગિરિરાજજીનું પૂજન કરી જ લઈએ.

राग : मघुमाद सारंग, ताल : तीनताल

### बडडेनकों आगेंदे गिरिधर श्रीगोवर्ध्दन पूजन आवत...

बडडेनकों आगेंदे गिरिधर श्रीगोवर्ध्दन पूजन आवत ।।
मानसीगंगा जल न्हवायर्के पाछें दूध धोरीको नावत ।।१।।
बहोरि पखार अरगजा चरचित धूप दीप बहु भोग धरावत ।।
दे बीरा आरती करतहें व्रजभामिन मिल मंगल गावत ।।२।।



Scanned by CamScanner

टेर ग्वाल भाजन भरदेर्के पीठ थाप शिरपेंच बंधावत ।।

चत्रभुज प्रभु गिरिधर अब यह व्रज युगयुग राज करो मन भावत ।।३।।

### १०. अन्नकुट : १४) देखोरी हरी भोजन खात...

અદ્દ્ભુતકર્મા પ્રભુ, શ્રીગિરિરાજજીમાં, વ્રજવાસિઓના નિરોધને દઢ કરાવવા, સ્વયં સહસ્ત્રભુજાઓ ધારણ કરી અન્ન આરોગી રહ્યા છે. તો સાથે આ દેવથી પોતે ભિન્ન છે. એમ બતાવવા ગોપબાળકો સાથે આ ગોષ્ઠિ પણ કરી રહ્યા છે.

પરંતુ શ્રીલલિતાજીને પ્રભુની આ રહસ્યલીલા સમજાતાં જ આપશ્રી સ્વામિનિજીને એનો સંકેત કરી રહ્યાં છે. ધન્ય છે એ ગોકુળના નર-નારી, જેમને આવા દર્શનસુખનો લ્હાવો પ્રાપ્ત થયો છે. અષ્ટસખાઓના મેરુ ભકતકવિ શ્રીસુરદાસજીનું આ પદ છે.

राग : शुध्ध सारंग, ताल : तीनताल

## देखोरी हरि भोजन खात...

देखोरी हरि भोजन खात ।।

सहस्त्र भुजाधर उत जेंमत हैं इत गोपनसों करत हैं बात ।।१।।

ललिता कहत देखहो राधा जो तेरे मन बात समात ।।

धन्य सबे गोकुलके बासी संग रहत गोकुलके तात ।।२।।



Scanned by CamScanner

जेमंत देख नंद सुखदीनों अति आनंद गोकुल नरनारी ।।

सूरदास स्वामी सुख सागर गुण आगर नागर देतारी ।।३।।

### ૧૦. અન્નકુટ : ૧૫) આન ઔર આન ઔર....

ભકતકવિ શ્રીરાજારામજીની બાનીમાંથી પ્રગટેલું, અન્નકુટનું આ સુંદર પદ છે. સહસ્ત્રભુજા ધારણ કરી ભોજન કરતા, શ્રીગિરિરાજજીનું સુંદર શબ્દચિત્ર આ પદ દ્વારા પ્રગટ થાય છે. હજાર-હજાર હાથોથી ભોજન કરતા ''આન ઔર આન ઔર'' કહી રહ્યા છે અને આ રીતે ભોજન કરતા ગિરિદેવને જોઈ, વ્રજવાસિઓ મનોમન ડરી રહ્યા છે. પ્રભુ તો કડવા-તીખા-ખાટા-ખારા ષડ્રસનો આનંદ માણી રહ્યા છે. આટલેથી નહીં અટકતા, પ્રભુ હજારોની સંખ્યામાં ધરાયેલા મોદક, ઘેબર, ઠોર વગેરે પ્રેમથી આરોગી રહ્યા છે.

આ પ્રસંગે ઈન્દ્રએ પાઠવેલા મેઘોમાંથી વરસતા જલને પ્રભુ, અચવનની સેવા તરીકે સ્વીકારી રહ્યા છે. આ આખાએ પ્રસંગ પરથી આ સ્થળનું નામ આન્યોર પડયું છે.

राग : वृंद्रावनी सारंग, ताल : चौताल

**आन ओर आन आन कहत बिझक रहत व्रजकि नारी नर...**

आन ओर आन कहत बिझक रहत व्रजके नारीनर ।।

कटुतिक्त आम्ल खार सलोने लोने प्रकार खटरससों प्रीत बाठी रससों आरोगत



Scanned by CamScanner

सुंदर वर ।।१।।

गिरिराज बरनबरन शिला सहस्त्रन मोदक ठोर ठोर धेवर गूंजाबावर ।।

राजारामके प्रभुकौ जल अचवाबन कारन इंद्र झारी भर धरेरी जलधर ।।२।।

**૧૧. ઈન્દ્રમાનભંગ : ૧૬) નમો દેવેન્દ્ર દર્પહર શ્રીમુરારી...**

ઈન્દ્રમાનભંગની અધિદૈવિકી લીલાના દર્શનથી ભાવવિભોર બનેલા, શ્રીકૃષ્ણદાસજીની બાની માંથી પ્રાર્થના રૂપે આ પદ પ્રગટ થયું છે. પ્રભુના અગણિત ગુણોનું સ્મરણ થતાં જ ભક્તકવિ નત મસ્તકે પ્રાર્થી રહ્યા છે કે આપ તો ઈન્દ્રના ગર્વને હરનારા છો. ગિરિરાજને ધારણ કરનારા છો, ગોપ-ગોપીઓના તાપ-સંતાપને હરનારા છો. વૃષ્ટિને ટાળનારા, ગોપાંગનાઓના રસિકપ્રીતમ, પ્યારીજીના પ્રાણાધાર-તથા સર્વે દુરિતોને દૂર કરનારા છો. હે હરિ આપને કોટિ કોટિ પ્રણામ.

राग : मारवा, ताल : झपताल

**नमो देवेंद्र दर्पहर श्रीमुरारी...**

नमो देवेंद्र दर्पहर श्रीमुरारी ।।

विदित अद्भूत चरित्र गिरिराज उद्धरण गो गोप गोपीजन तापहारी ।।१।।

नमो नवल बाल विनोद अखिल गोधन मोद वाम भुज बलवारि वृष्टिटारी ।।

युवती मुख पद्म मकरंद लंपट मधुप कमल लोचन कंज मालधारि ।।२।।



Scanned by CamScanner

नमो सकल सौभाग्य निधि राधिका प्राणपति घोषपति मुरलिका रवविहारी ।।
कृष्णदास नी नाथ नंदनंदन कुंवर मदनमोहन दुरित नाशकारी ।।३।।

**૧૧. ઈન્દ્રમાનભંગ : ૧૭) કાન કુંવર કે પલ્લવ પર...**

આ પદ દ્વારા ભક્તકવિશ્રીનંદદાસજી ની અદ્‌ભુત કલ્પનાશક્તિના અને એક પ્રતિભાસંપન્ન કવિના દર્શન થાય છે. સહજતાથી હસ્ત ઉપર ગિરિરાજને ધારણ કરી ઊભેલા મુરલી મનોહરના દર્શન થતાં જ કવિના મનમાં એવા ભાવ ઊઠે છે કે જાણે પ્રભુના કરપલ્લવ ઉપર ગોવર્ધન નૃત્ય કરી રહ્યા છે. તો બીજે હાથે મુરલી ને અધર પર ધારણ કરી, મધુર મધુર તાન છેડી રહ્યા છે. મેઘરાજા મૃદંગ બજાવી રહ્યા છે. દમકતી વિજળી રૂપી દીપકો જાણે ઝગમગી રહ્યા છે. ગોપ-ગ્વાલ-તાલ દઈ દઈને ગાન કરી રહ્યા છે. પ્રભુ કૃપાબલથી સમસ્ત વ્રજમંડળ સુરક્ષિત છે. આ અદ્‌ભુત છબીના દર્શનથી ભક્ત કવિના સઘળા દુઃખો દૂર થઈ ગયા છે.

राग : जन संमोहिनी, ताल : तीनताल

## कान्ह कुमर के कर पल्लव पर...

कान्ह कुमर के कर पल्लव पर मानों गोवर्धन नृत्य करे ।।
ज्यों ज्यों तान उठत मुरली में त्यों त्यों लालन अधर धरे ।।१।।
मेध मृदंगी मृदंग बजावत दामिनी दमक मानों दीपजरे ।।



Scanned by CamScanner

ग्वाल तालदे नीके गावें गायनके संग स्वरजु भरे ।।२।।

देत असीस सकल गोपीजन बरषाको जल अमित झरे ।।

यह अद्‌भुत अवसर गिरिधरको नंददासके दुःख हरे ।।३।।

## ૧૨. આરતી : ૧૮) જય જય લાલ ગોવર્ધનધારી...

જય જય જય શબ્દનો જયઘોષ, જેના જન્મ માત્રથી સમગ્ર વ્રજનો જય સૂચવે છે. એવા લીલા લલિતવિહારી પ્રભુની આરતીનું આ પદ છે. પૂર્વની અનેક લીલાઓ તથા ગોવર્ધન અને ઈન્દ્રમાન ભંગ લીલાના પ્રત્યક્ષ દર્શનથી વ્રજભક્તોના મન એક જ ભાવ અનુભવે છે કે, નંદરાયજીનો આ લાલ કોઈ સામાન્ય બાળક નથી. આ તો ગાય-ગોકુળ અરે સમગ્ર વ્રજનું રક્ષણ કરવા પધારેલા કોઈ સાક્ષાત દેવ છે. આ લીલાની અનુભૂતિ થતાં જ, ભક્તકવિ શ્રીકૃષ્ણદાસજીની બાનીમાંથી પ્રગટ થાય છે - આરતીનું આ અતિસુંદર પદ. જય જય જય શબ્દોના પુનરાવર્તનથી એક વિશિષ્ટ પ્રકારની ચમત્કૃતિનું સર્જન થાય છે. જે શ્રોતાઓના હૃદયપ્રદેશને રસભીનું કરી દે છે.

राग : मालव, ताल : तीनताल

### जय जय जय लाल गोवर्धनधारी...

जय जय जय लाल गोवर्धनधारी भक्तनके सुखकारी ।।

जय जय जय शक मख भंजन जय जय जय गोकुल दुखहारी ।।१।।



Scanned by CamScanner

जय जय जयति जयति जय जय जय जय भुज बल जल वृष्टि निवारी ।।
जयजय जयति जयति जय जय जय जय लीला ललित विहारी ।।२।।

### ૧૯. ભાઈબીજના પદો : આજ દુજ ભૈયાકી...

राग : सारंग

## आज दूज भैयाकी कहीयत

आज दूज भैयाकी कहीयत करलीये कंचनथालकें ।।
करो तिलक तुम बहेंन सुभद्रा बल अरु श्रीगोपालकें ।।१।।
आरती करत देत नोंछावर वारत मुक्तामालकें ।।
आसकरन प्रभु मोहन नागर प्रेम पुंज व्रजबालकें ।।२।।

કારતક સુદ બીજ, ભાઈબીજ અથવા ભાઈદૂજ કહેવાય છે. કેટલાક એને 'યમદ્વિતીયા' પણ કહે છે. આજના દિવસે રામ-શ્યામની જોડી બહેન સુભદ્રાના ઘરે આવે છે. સુભદ્રા કુંકુમ તિલક કરી આરતી ઓવારે છે; અને ભાઈઓના દિર્ઘાયુની કામના કરે છે. યમ દ્વિતીયાની કથા પણ કઈક આવી જ છે, તે દિવસે યમરાજ બહેન યમુનાને ત્યાં જાય છે. યમુનાજી ભાઈનો સત્કાર કરી મન ભાવતા ભોજન જમાડે છે, અને ભાઈના દીર્ઘાયુ માટે પ્રાર્થના કરે છે. આથી પ્રસન્ન થયેલા યમરાજા યમુનાજીનું શરણ સ્વીકારનાર કયારેય યમદર્શન નહીં કરે એવી બાંહેધરી આપે છે. ભાઈ-બહેનના



Scanned by CamScanner

નિર્મળ પ્રેમના પ્રતીક રૂપે આજના દિવસનું માહાત્મ્ય છે. ભાઈબીજના દિવસે ભાઈ તથા બહેન યમુનાજીમાં સાથે મળીને સ્નાન કરે એવો પણ મહિમા છે.

ભાઈ-બહેનના નિસ્વાર્થ પ્રેમનો મહિમા ગાતું આ એક અતિ સરળ છતાંએ ભાવસભર પદ છે. ભકતકવિશ્રી આસકરણજીની બાનીમાંથી પ્રગટ થયું છે. જેનો રાગ છે. બ્રિન્દાબની સારંગ તાલ છે. ધમાર પદના બોલ છે - આજ દૂજ ભૈયાકી કહિયત કર लिये कंचन थाल के -

**૨૦. ભાઈબીજનું પદ: કાર્તિક સુદી દ્વિતીયા કે દિન....**

ભાઈબીજનો મહિમા ગાતું આ પણ એવું જ બીજું એક સુંદર પદ છે. પદના બોલ છે.

કાર્તિક સુદ દ્વિતીયા કે દિન

હરિ-હલધર સહિત સુભદ્રા કે ઘર આયે ।।

બિંદાબની સારંગ રાગની બંદિશ છે. તાલ છે. ધમાર.

राग : मालव, ताल : धमार

## कार्तिक सुदी द्वितीया के दिन...

**कार्तिक सुदी द्वितीया के दिन हरि हलधर सहित सुभद्रा के घरआये ।।**

**तिलक कराय बैठे दोऊ जेंवन विविध भांतके भोग लगाये ।।१।।**



Scanned by CamScanner

बीरादे करत आरती तब युवती जन मंगल गाये।।

व्रजपति प्रभु पर कर न्योछावर देत सबनओं अति हरखाये ।।२।।

**૨૧. ગોપાષ્ટમીના પદ: વ્રજતે બનકો ચલત કન્હૈયા...**

કારતક સુદ આઠમ એટલે ગોપાષ્ટમી. એમ કહેવાય છે કે આજના દિવસે માતા યશોદાએ પ્રથમવાર બાળકન્હૈયાને, ગોપસખાઓ સાથે ગાયો ચારવા વનમાં મોકલ્યા હતા. માતાએ પોતાના વ્હાલસોય પુત્રને મુગુટ-કાછનીનો શૃગાંર, ગોકર્ણ તથા છડી ધારણ કરાવ્યા હતા. પારંપરિક રીતે હજુ આજે પણ, શ્રીઠાકોરજીને આજના દિવસે, આજ પ્રકારનો શણગાર ધરાવવામાં આવે છે. ગાયોના ચિત્રવાળી પિછવાઈ તથા વિવિધ પ્રકારના રંગની ગૈયાઓ પ્રભુ સન્મુખ પધરાવવામાં આવે છે.

આ પદમાં, રસિક પ્રિતમ શ્રી હરિરાયજીએ, વ્રજમાંથી વનમાં જતા કનૈયાનું તાદશ વર્ણન કર્યુ છે. ''पुलकित लेत बलैया'' આ શબ્દોમાંથી, વયસ્ક ગોપો સાથે, પોતાના બાળકને પ્રથમવાર વિદાય કરતી માતાઓના હૃદયનો, આનંદમિશ્રિત ભય ખૂબ સુંદર રીતે પ્રગટ થાય છે.

ગોચારણ એટલે ગાયોને ચારવી એ તો ખરું જ, પરંતુ ગો એટલે ઈન્દ્રિયો. આ ઈન્દ્રિયોના સ્વામિ, પ્રભુશ્રી શ્યામસુંદરની, જયારે સર્વેન્દ્રિયથી જીવ શરણાગતિ સ્વીકારે છે. ત્યારે એક એક ઈન્દ્રિય રૂપી એક એક ગાયને પ્રભુ નામ દઈ દઈને પોતાની



Scanned by CamScanner

સમીપ બોલાવે છે. અને એ જ તો જીવની સાર્થકતા છે ને.

રાગ : ભટિયારના સૂરોએ ગૂંથાયેલા અને તીનતાલમાં નિબધિ આ પદને માણિયે.

राग : बिलावल,

## ब्रजतें बनको चलत कन्हैया

ब्रजतें बनको चलत कन्हैया ।।

ग्वाल मंडली मध्य बलमोहन पहेले चाराई गैया ।।१।।

नदसुजद गोप गोपाजन यशुमति रोहीणी मैया ।।

बडेरे ग्वालनल को सुत सोंपत पुलकित लेत बलैया ।।२।।

दधि ओंदन भोजन भर छींके एकन कांधे चलैया ।।

मुरली मधुर बजावत गांवत हरिहलधर दोऊ लैया ।।३।।

बैठे जाय सधनवन अन्तर गोदुहि मथतहें घैया ।।

आपन पावत औरन प्यावतै रसिक निरख बलजैया ।।४।।

## ૨૨. ગોપાષ્ટમીનું બીજું પદ :

આગે ગાય પાછે ગાય, ઈતગાય

ઉતગાય ગોવિંદકો ગાયનમેં બસવો હી ભાવે ।।



Scanned by CamScanner

ગાયોનો મહિમા ગાતું, આવની સમયનું, આ અતિ મનોહર ગોપાષ્ટમીનું એક બીજું પદ છે. સંધ્યાસમયે, ગાયોથી ઘેરાયેલા નંદલાલ, વનમાંથી વ્રજમાં પધારી રહ્યા છે. પ્રભુને એમની ગૈયાઓ પ્રાણથી પણ પ્યારી છે. પ્યારી ગૈયાઓના અને શરણાગતોના રક્ષણ માટે પ્રભુએ સાત-સાત દિવસ ગિરિને ધારણ કર્યો છે. ગાયોની ખુરરજથી પ્રભુ પોતાના શ્રીઅંગને શણગારે છે. આ ગૈયાઓની સાથે વસવા માટે તો પ્રભુએ ગ્વાલિયાનો વેષ ધારણ કર્યો છે. આ પદનું ગાન કરતાં એક વિશિષ્ટ પ્રકારની લય ઉત્પન્ન થાય છે. જેથી એવો ભાવ જાગે છે કે, ગાયોથી ઘેરાયેલા પ્રભુ પ્રત્યક્ષ પધારી રહ્યા છે. આવો આ મનોહર પદનું રસપાન કરીએ.

ભકતકવિ શ્રી.છીતસ્વામિજીની આ રચના છે. રાગ છે: પૂર્વી તાલ છે ચૌતાલ.

राग : मालव, ताल : तीनताल

## गोपाष्टमी

आगें गाय पाछें गाय ईत गाय उतगाय गोविंदाकोओं गायनमें बसवो ही भावे ।।
गायनके संग घावे गायनमें सचुपावे गायनकी खुर रेन ले अंग लपटावे ।।१।।
गायन सों व्रजछायो बैकुंठ बिसरायो गायन के हेत गीरी कर ले उठावे ।।
छीतस्वामी गिरिधारी विठल्लेश वपुधारी ग्वाराको भेष धरी गायनमें आवे
।।२।।



Scanned by CamScanner

## ૨૩. દાનનું પદ : आज दधि कंचन मोल भई...

પુષ્ટિમાર્ગમાં દાનના પદોનું અદકેરું મહત્ત્વ છે. સાંકડીખોરમાં રસ્તો રોકી ઊભેલા કાનકુંવર, આવતી જતી ગોપીઓના ગોરસ લૂંટે છે. આજે તો પ્રભુએ અનહોની કરી છે. સુવર્ણાની દુલરી આપી પ્રભુએ, દધિ લીધુ છે. જે પ્રસાદી દધિ પ્રાપ્ત કરવાની ઈચ્છા, બ્રહ્માજી વગેરે સદૈવ કરે છે, એ દોધના મોલ તો સુવર્ણથી પણ મૂલ્યવાન જ હોયને ?

રાગ સારંગના સુરોએ ગૂંથાયેલા અને ધમાર તાલને ઠેકે માણિયે દાનનું આ સુંદર પદ. પદના બોલ છે - आज दधि कंचनमोल भई ।। जा दधिकों ब्रह्मादिक इच्छत सो ग्वालन बांटि दई ।।१।। दधिके पलटें दुलरी दीनी जसुमति खबर भई ।। परमानंददासकौ ठाकुर बरवट प्रीति नई ।।२।।

## ૨૪. સાંઝીનું પદ : मुरलीवारे सांवरे नेक मारग मोहि बतावरे

પુષ્ટિમાર્ગમાં, દાનના પદોની જેમ, સાંઝીના પદોનું પણ આગવું સ્થાન છે. 'સાંઝી' શબ્દ કદાચ 'સંધ્યા' શબ્દ પરથી, સાંઝ અને એના પરથી 'સાંઝી' થયો હશે. સાંઝી એટલે, સાંઝના સમયે, સ્વામિનિજી સહિત, ગોપીકાઓએ કરેલું, પ્રભુ પ્રાપ્તિ માટેનું વ્રત. એવો અર્થ કરી શકાય.

સાંઝીમાં રંગબેરંગી ફૂલો સહિત, વિવિધ પ્રકારની, રંગોળી જેવી રચનાઓ



Scanned by CamScanner

ગોપિકાઓ કરતી. પ્રભુ પણ ગોપવેષે અથવા સખિવેષે સર્વને સંયોગરસનું દાન કરતા.

અહીં રાગ ગોરીના સૂરોમાં ગૂંથાયેલું અને ધમાર તાલમાં નિબદ્ધ, એક મનભાવન સાંઝીના પદનું શ્રવણ કરીએ. પદના બોલ છે - मुरलीवारे साँवरे नेंक मारग मोहि बतावरे ।। संग न सहेली फिरों अकेली कित नंदीसुर गाँव रे ।।१।। भूलि परी संकेत सघन वन हों अबला कित जाऊँ ।। मृगनयनी के बचन सुनत ही आय मिले तिहिं ठाऊँ ।।२।। मारग मिले अंक भरि भेटे भलौ बन्यौ है दाऊ ।। कहि भगवान हित रामराय प्रभु राधारमन जाकौ नाऊँ ।।३।।

**આશ્રયનું પદ :**

હૃદયતંત્રીઓને રણઝણિત કરતા, રાગ માંડના સૂરોમા ગૂંથાયેલી અને દાદરા તાલમાં નિબદ્ધ આ આશ્રયના પદનું શ્રવણ કરીએ.

**પદ છે : જબ લગ યમુના ગાય ગોવર્ધન**

જબ લગ યમુના ગાય ગોવર્ધન,
જબ લગ ગોકુલ ગામ ગુંસાઈ
તબ લગ કલિયુગ નાહી ગુસાઈ
જબ લગ શ્રી ભાગવત કથારસ અમૃત,



Scanned by CamScanner

તબલગ કલિયુગ નાહી ગુંસાઈ

જબ લગ પુષ્ટિ સેવારસ અમૃત નાંદ

નંદનસોં પ્રીતિ લગાઈ,

પરમાનંદ તાસોં હરિ ક્રીડત જીન

શ્રી વલ્લભ ચરણરજ પાઈ,

તબ લગ કલિયુગ નાહીં....ગુસાંઈ

આશ્રયના આ પદ સાથે જ ઉત્સવના પદોની કેસેટ-સીડી ''મનભાવન ત્યોહાર મનાવો ગિરિધરજીકે સંગ''ને અહીં વિરામ આપીએ છીએ. આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગિય વૈષ્ણવ પરિષદના સર્વે આયોજકોના કીર્તનકાર શ્રી જમનાપ્રસાદજી શર્માના, આ કેસેટ તથા સી.ડીમાં દાન તથા સાંઝીના પદોનું ગાન કરનાર, નવોદિતા કલાકાર, પ.ભ.શ્રીપ્રહલાદચોરસીયા કે જેઓ, પ.ભ.કીર્તનકાર શ્રી જમનાપ્રસાદજીના આશિર્વાદથી, પરિષદની કીર્તન સેવામાં સહાય આપી રહ્યા છે તેમના, વાદ્યવૃંદના કલાકરો પખાવજવાદક શ્રી.શંકર ચૌધરી, સિતારવાદક શ્રી.સદાશીવ કોર્વી, હારમોનિયમવાદક શ્રી.વિદુરપ્રસાદ ગૌતમના, લેખિકા તથા ઉદ્‌ઘોષિકા શ્રીમતી કલ્પના શાહના તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે આ કેસેટના કાર્યમાં સહાય કરનારના, સર્વ વૈષ્ણવોને સાદર ભગવત સ્મરણ.



Scanned by CamScanner

राग गोरी : मुरलीवारे साँवरे नेंक मारग मोहि बताव रे ।। संग न सहेली फिरों अकेली कित नंदीसुर गाँव रे ।।१।। भूलि परी संकेत सघन वन हों अबला कित जाऊँ ।। मृगनयनी के बचन सुनत ही आय मिले तिहिं ठाऊँ ।।२।। मारग मिले अंक भरि भेटे भलौ बन्यौ है दाऊ ।। कहि भगवान हित रामराय प्रभु राधारमन जाकौ नाऊँ ।।३।।



Scanned by CamScanner

આશ્રયના આ પદ સાથે જ ઉત્સવના પદોની કેસેટ-સીડી "મનભાવન ત્યોહાર મનાવો ગિરિધરજુંકે સંગ" ને અહીં વિરામ આપીએ છીએ. આંતરરાષ્ટ્રિય પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ પરિષદના સર્વે આયોજકોના કીર્તનકાર શ્રી જમનાપ્રસાદજી શર્માના, આ કેસેટ તથા સીડીમાં દાન તથા સાંઝીના પદોનું ગાન કરનાર, નવોદિત કલાકાર પ.ભ. શ્રી પ્રટલાદસૌરસીયા કે જેઓ, પ.ભ. કીર્તનકાર શ્રી જમનાદાસજીના આર્શિવાદથી પરિષદની કીર્તન સેવામાં સહાય આપી રહ્યા છે તેમના વાદ્યવૃંદના કલાકારો પખાવજવાદક શ્રી શંકર ચૌધરી, સિતારવાદક શ્રી સદાસીવ કોર્વી, હારમોનિયમવાદક શ્રી વિદુરપ્રસાદગૌતમના, લેખિકા તથા ઉદ્‌ઘોષિકા શ્રીમતી કલ્પના શાહના તેમજ પ્રત્યક્ષ અને પરોક્ષ રીતે કેસેટના કાર્યમાં સહાય કરનારના, સર્વે વૈષ્ણવોને સાદર ભગવાન સ્મરણ.

यदक्षर यदभ्रष्टं मात्राहनिंचयज्ज्वेत् ॥
तत्सर्व क्षम्यतां देव प्रसीद पुरूषोत्तम ॥

ઇદં પુસ્તકં મયા યથામતિ સંશોધિતં તત્રયત મત્પથમાદા દિના
પરિભ્રષ્ટંતત્ , સર્વ પુષ્ટિમાર્ગીય ભગવદ્દિયયૈઃ
સર્વે સંશોધ્યક્ષધમિતિ વિજ્ઞપ્તિ.

ઇતિ દશેરાથી સાંજી સુધીના પદો સંપૂર્ણ.

Scanned by CamScanner